ક્રિ.કેસ ક્રમાક: ૭૫૯૨૩/૨૦૨૬

**<u>આંક–૧ લગત હુકમ:–</u>**

**૧..** હાલના કામે આરોપી વિરૂધ્ધ ફરીયાદી પોલીસકર્મી દ્ધારા આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમ મુજબની ફરીયાદ આપતા સંબધિત પોલીસ સ્ટેશને ગુનો નોંધી સદર ગુનાના કામે ત.ક.અશ્રી દ્ધારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. સદર ચાર્જશીટ રજુ થતા ઉભયપક્ષની રજુઆત સાંભળવામાં આવેલ.

**૨..** ત્યારબાદ કેસનું રેકર્ડ ધ્યાને લેતા હાલના કામે આરોપી વિરુદ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬(૧) બી સબબ કાર્યવાહી ચલાવી શકાય તેવી હકીકતો રેકર્ડ ઉપર હોય આરોપીને કેસની હકીકતો દર્શાવી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬(૧) બી ના ગુના માટે જવાબ નોંધતા આરોપીએ ગુનો કબુલ હોવાની હકીકત જણાવેલ છે વધુમાં આ અંગેની ગુના કબુલાત પુરસીસ રજુ રાખેલ છે.

**૩..** આમ, આરોપીપક્ષે ગુનાની કબુલાત સ્વૈચ્છિક રીતે કોઈપણ પ્રકારના દબાણ વિના ગુનો કબુલ કરતા હોય જે નહિ માનવાને કોઈ કારણ નથી. આરોપીપક્ષે રજુઆત છે કે આરોપી ગરીબ વર્ગના છે તેમજ તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે. વધુમાં હાલનો ગુનો તેઓનો પ્રથમ ગુનો હોવાની રજુઆત છે. તેમજ ફરીયાદપક્ષે ચાર્જશીટ સાથે અગાઉની કોઈ ગુના સાબીતીની હકીકત રજુ નથી.

**૪..** આમ, કેસની હકીકત, આરોપીના આર્થિક પરિસ્થિતિ તથા સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લઈ તેમજ તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્ધારા *‘સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર ’ ના ૨૦૦૫ ક્રિમીનલ લો જર્નલ ૨૯૫૭* પર પ્રસિધ્ધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતા આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત જણાઈ આવે છે.

-:આખરી હુકમ:-

૧.. હાલના કામે આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨/ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫ અન્વયે ગુજરાત નશાબંધિ અધિનીયમની કલમ ૬૬(૧) બી મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂ. ૨૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરાનો) દંડ ફરમાવુ છું. અને જો દંડની રકમ ના ભરવામાં આવે તો ૧૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

ઠરાવ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ-૧૧/૦૭/૨૦૨૬
સ્થળઃ- વડોદરા

હાર્દિક સાગરભાઈ દેસાઈ,
અધિક જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડોદરા.
જજ કોડ જી.જે.૦૧૫૨૬

| | |
|---|---|
| દંડની રકમ | ૨00/- (અંકે રૂપીયા બસો પુરા) |
| પાવતી નં | |
| સહી/- | તા. ૧૧.૦૭.૨૦૨૬ |